GJJN020046102019

**આંક :-___**

**જૂનાગઢના જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની અદાલત સમક્ષ, મુકામ : જૂનાગઢ.**

**હાલ :- શ્રી કર્ણ અજીત મારવાહા**

| | |
|---|---|
| ચૂકાદાની તારીખ | **૧૪/૦૮/૨૦૨૬** |
| ફોજદારી કેસ નંબર | **૩૪૪૯/૨૦૧૯** |

**:: ગુનાની વિગત ::**

| | |
|---|---|
| ગુનાની કલમ | ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૩, ૩૯૪(ખ) અને ૧૧૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ. |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | ૭૪/૨૦૧૯ |
| પોલીસ સ્ટેશન | તાલુકા પોલીસ સ્ટેશન, જુનાગઢ. |
| ફરિયાદ પક્ષ | **શ્રી સરકાર**<br>(મુળ ફરિયાદી : ખીમાણંદભાઈ અરજણભાઈ જાદવ ) |
| રજુઆત | વિધવાન સરકારી વકિલશ્રી ડી. બી. પંચાલ. |
| બચાવ પક્ષ | **૧) રમેશભાઈ રામભાઈ જાદવ,**<br>**૨) કાનાભાઈ રામભાઈ જાદવ,** |

| | |
|---|---|
| | **૩) ભાદાભાઈ રામભાઈ જાદવ**<br>તમામ રહેવાસી : ઈટાળા, જુનાગઢ |
| રજુઆત | આરોપીઓ તરફે વિધવાન વકીલશ્રી વી.એસ. ગંભીર |

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૪/૦૭/૨૦૧૯ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૦૫/૦૭/૨૦૧૯ |
| આખરી અહેવાલની તારીખ | ૦૭/૯/૨૦૧૯ |
| તહોમતનામાની તારીખ | ૧૭/૯/૨૦૧૯ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૫/૧૧/૨૦૧૯ |
| ચૂકાદા માટે રાખવાની તારીખ | ૩૦/૦૭/૨૦૨૬ |
| ચૂકાદાની તારીખ | ૧૪/૦૮/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | -- |

**<u>:: આરોપીની વિગત ::</u>**

| આરોપીનો અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમયગાળો ફો.કા. સંહિતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | રમેશભાઈ રામભાઈ જાદવ | ૧૫/ ०७/ ૨૦૧૯ | ૧૫/ ०७/ ૨૦૧૯ | ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૩, ૨૯૪ (ખ) અને ૧૧૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ. | નિર્દોષ | -- | -- |
| ૨ | કાનાભાઈ રામભાઈ જાદવ | ૧૫/ ०७/ ૨૦૧૯ | ૧૫/ ०७/ ૨૦૧૯ | | નિર્દોષ | -- | -- |
| ૩ | ભાદાભાઈ રામભાઈ જાદવ | ૧૫/ ०७/ ૨૦૧૯ | ૧૫/ ०७/ ૨૦૧૯ | | નિર્દોષ | -- | -- |

ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી

અ. ફરિયાદ પક્ષના સાક્ષી

| અનુક્રમ નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ.સા.૧ (આંક-૦૯) | સુભાષભાઈ માનસીંગભાઈ માણસુરીયા | પંચ સાહેદ |
| ફ.સા.૨ (આંક-૧૦) | અકબરખા ગુલાબખા બ્લોચ | પંચ સાહેદ |
| ફ.સા.૩ (આંક-૧૯) | અસરફ કાસમભાઈ લીંગડીયા | પંચ સાહેદ |
| ફ.સા.૪ (આંક-૨૧) | દીલાવર મામદભાઈ ચોપડા | પંચ સાહેદ |
| ફ.સા.૫ (આંક-૩૪) | વજશી લખમણ ભાઈ નાઘેરા | સાહેદ |
| ફ.સા.૬ (આંક-૫૦) | ધનાભાઈ મેરામણ ભાઈ જાદવ | સાહેદ |
| ફ.સા.૭ (આંક-૫૪) | રામભાઈ પુંજાભાઈ જાદવ | સાહેદ |
| ફ.સા.૮ (આંક-૬૦) | ખીમાણંદભાઈ અરજણ ભાઈ જાદવ | ફરીયાદી |
| ફ.સા.૯ (આંક-૬૩) | અજીતભાઈ લખમણ ભાઈ જાદવ | સાહેદ |

| | | |
|---|---|---|
| ફ.સા.૧૦ (આંક–૬૭) | ડો. અલ્પેશ વૃજલાલ વૈશ્નાણી | સાહેદ |
| ફ.સા.૧૧ (આંક–૬૯) | મહમદસલીમ હુશેનભાઈ નાઘોરી | સાહેદ |
| ફ.સા.૧૨ (આંક–૭૯) | કમલેશભાઈ બાબુભાઈ ડોબરીયા | ત.ક.અ. |

બ. બચાવ પક્ષના સાક્ષી

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| બ.સા.૧ | –– | –– |

ક. ન્યાયાલયના સાક્ષી

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ન્યા.સા.૧ | –– | –– |

ફરીયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી

અ. ફરિયાદ પક્ષ

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | ૨૦ | અટક પંચનામુ |
| ૨ | ૬૧ | અસલ ફરિયાદ |
| ૩ | ૬૮ | હોસ્પીટલ સર્ટીફિકેટ |
| ૪ | ૭૦ | ડીઓ લેટર |
| ૫ | ૮૦ | પી.એસ.ઓ. તરફથી સોપાયેલ ગુનાની તપાસ |
| ૬ | ૮૧ | પ્રથમ માહિતી અહેવાલ |
| ૭ | ૮૨ | બનાવ સ્થળનું પંચનામુ |
| ૮ | ૮૩ | સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા રીપોર્ટ |

| | | |
|---|---|---|
| ૯ | ૮૪ | જાહેરનામું |

બ. બચાવ પક્ષ

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| -- | -- | -- |

ક. ન્યાયાલય આંક

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| -- | -- | -- |

ડ. ભૌતિક પદાર્થ :

| અનુક્રમ | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | ૧ | પાઈપ |

**<u>-:: ચુ કા દો ::-</u>**

**(૧) <u>ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત :</u>**

(૧.૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી ગઈ તા. ૦૪/૦૭/૧૯ નારોજ પોતાના દિકરા ઉ.વ. ૮ ની સ્કુલની ફી ભરવા માટે ઘરેથી નીકળી જતા હોય તે દરમ્યાન કલાક ૧૨:૩૦ વાગ્યાના અરશામાં ઈટાળાથી ત્રણેક કિ.મી. દુર વશીમભાઈ લખમણભાઈની વાડી પાસે પહોંચતા આ કામે આરોપી નંબર ૩ નો પોતાની મોટર સાયકલ સાથે આવી ફરીયાદીની મોટર સાયકલ રોકાવી જુની વાતનુ મન દુ:ખ રાખી ફરીયાદીને ભુંડીગાળો આપી ઢીકાપાટુનો માર મારી તેમજ આરોપી નંબર ૧ પોતાની પાસેના પાઈપ વડે ફરીયાદીને શરીરે માર મારી ઈજાઓ કરી આ કામના આરોપીઓ એક સંપ થઈ ફરીયાદીશ્રીને શરીરે ઢીકા પાટુનો માર મારી એકબીજાની એકબીજાને મદદગારી કરી શ્રી જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીના હથિયારબંધીના જાહેર નામાનો

ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૩, ૨૯૪(ખ) અને ૧૧૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબનો ગુન્હો કરેલ છે.

## (૨) <u>ન્યાયિક કાર્યવાહી :</u>

(૨.૧) સદર કામે આરોપી વિરૂધ્ધનું ચાર્જશીટ આવી જતાં અત્રેથી સમન્સ બજવણી બાદ આરોપી હાજર થતાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૦૭ ની જોગવાઈનું પાલન કરી પોલીસ પેપર્સની નકલો આપી તે મળી ગયાની ખાત્રી કર્યા બાદ આંક-૫ થી આરોપી વિરૂધ્ધ તહોમતનામું ઘડવામાં આવેલ અને આંક-૬ થી ૮ થી ગુન્હા અંગે જવાબ નોંધતાં તેમાં આરોપીએ ગુન્હો કબૂલ નથી, કેસ આગળ ચલાવવો છે તેમ જણાવતા સદર કામ આગળની ઈન્સાફી કાર્યવાહી સારૂં રાખવામાં આવેલ.

(૨.૨) આ કામે ફરીયાદ પક્ષે મૌખિક વિનંતીથી પોતાનો પુરાવો પૂર્ણ થયેલાનું જાહેર કરેલ છે. ફરિયાદ પક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો લક્ષમાં લેતાં આ કેસમાં આરોપીનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોધવામાં આવતા આ કામના આરોપીએ ફરિયાદ પક્ષનો પુરાવો તેઓની અથવા તો તેઓના વિધવાન વકિલશ્રીની રૂબરૂ લેવામાં આવેલ હોવાની હકીકતનો સ્વીકાર કરી તે સિવાય ફરિયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરી બચાવના સાક્ષી તપાસવાનો અને જાતે સોગંદ ઉપર પુરાવો આપવાનો ઈન્કાર કરી વિશેષમાં જણાવેલ છે કે, આરોપી નં.૧ વિશેષમાં જણાવે છે કે તેઓ નિર્દોષ છે તેઓએ કોઈ ગુનો કરેલ નથી પરંતુ આ કામના ફરીયાદી તથા સાહેદોએ તેઓના ભાઈ આરોપી નં.૩ ભાદાભાઈ ઉપર હુમલો કરેલ છે અને ગંભીર ઈજા સબબ પાંચ દિવસ હોસ્પીટલમાં સારવાર લીધેલ છે. તેઓની ફરીયાદમાં બનાવ ઉભો કરવા હાલની ખોટી ફરીયાદ આપેલ છે. આરોપી નં.૨ વિશેષમાં જણાવે છે કે તેઓ નિર્દોષ છે તેઓએ કોઈ ગુનો કરેલ નથી પરંતુ આ કામના ફરીયાદી તથા સાહેદોએ તેઓના ભાઈ આરોપી નં.૩ ભાદાભાઈ ઉપર હુમલો કરી ગંભીર ઈજા પહોચાડેલ. હાલના ફરીયાદી તથા સાહેદો ઉપર તેઓએ કહેલ ફરીયાદ ચાલુ છે જેથી બનાવ ઉભો કરવા તેઓ સામે ખોટી ફરીયાદ આપેલ છે. આરોપી નં.૩ વિશેષમાં જણાવે છે કે તેઓ નિર્દોષ છે તેઓએ કોઈ ગુનો કરેલ નથી પરંતુ આ કામના

ફરીયાદીએ તેઓને પ્રથમ બનાવ બનેલ તે જગ્યાએ માર મારેલ છે તેમજ અન્ય સાહેદોએ તેઓની ઉપર હુમલો કરી ગંભીર ઈજા પહોચાડેલ છે.

(૨.૩) આરોપીનું વિશેષ નિવેદન નોંધ્યા બાદ આ કામે સરકારશ્રી તરફે વિધવાન સરકારી વકીલશ્રીની તથા આરોપી તરફેના વિધવાન વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ. સરકારી વિધવાન વકિલશ્રીની દલીલ એવી છે કે ફરીયાદપક્ષે આરોપી સમક્ષ આક્ષેપીત ગુનાઓનો વાજબી શંકાથી પર પુરવાર કરેલ છે. વધુમાં સરકારી વિધવાન વકિલશ્રીએ જણાવેલ કે આ કામના તમામ સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સંપુર્ણપણ સમર્થન આપેલ છે અને તેઓના પુરાવામાં કોઈપણ શંકા ઉત્પન્ન થતી નથી. ઉપરોકત દલીલો કરી સરકારી વિધવાન વકિલશ્રીએ આરોપીનાઓને દોષિત ઠરાવવાની વિનંતી કરેલ છે.

આરોપી તરફે વિધવાન વકિલશ્રી એ રજુઆત કરેલ કે ફરીયાદપક્ષ આરોપી સામે કેસ પુરવાર કરવામાં તદન નિષ્ફળ નિવડેલ છે અને તેઓના કેસ માં શંકા ઉત્પન્ન થયેલ છે. આરોપીનાઓના વિધવાન વકિલશ્રીએ જણાવેલ કે આ કામના પંચ સાહેદો તેમજ અન્ય સ્વતંત્ર સાહેદોએ પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી. આ સિવાય, આરોપીનાઓના વિધવાન વકિલશ્રીએ જણાવેલ કે હાલના કામે તપાસવામાં આવેલ તમામ સાહેદોની જુબાનીમાં વિશ્ર્વસનીયતા જણાય આવતી નથી અને હાલના કામે તપાસવામાં આવેલ સાહેદોએ પોતાની ઉલટતપાસમાં વિરોધાભાસી હકીકતો જણાવેલ છે. આમ, આરોપીનાઓના વિધવાન વકિલશ્રીએ આરોપીનાઓને નિર્દોષ છોડી મુકવાની વિનંતી કરેલ છે.

## (૩) <u>મુદાઓ :</u>

સદર કામે બંને પક્ષની દલીલો તથા રજુ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓને ઘ્યાને લેતાં નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

(૩.૧) શું ફરિયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદી ગઈ તા. ૦૪/૦૭/૧૯ નારોજ પોતાના દિકરા ઉ.વ. ૮ ની સ્કુલની ફી ભરવા

માટે ઘરેથી નીકળી જતા હોય તે દરમ્યાન કલાક ૧૨:૩૦ વાગ્યાના અરશામાં ઈટાળાથી ત્રણેક કિ.મી. દુર વશીમભાઈ લખમણભાઈની વાડી પાસે પહોંચતા આ કામે આરોપી નંબર ૩ નો પોતાની મોટર સાયકલ સાથે આવી ફરીયાદીની મોટર સાયકલ રોકાવી જુની વાતનુ મન દુ:ખ રાખી ફરીયાદીને ભુંડીગાળો આપી ઢીકાપાટુનો માર મારી તેમજ આરોપી નંબર ૧ પોતાની પાસેના પાઈપ વડે ફરીયાદીને શરીરે માર મારી ઈજાઓ કરી આ કામના આરોપીઓ એક સંપ થઈ ફરીયાદીશ્રીને શરીરે ઢીકા પાટુનો માર મારી એકબીજાની એકબીજાને મદદગારી કરી શ્રી જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીના હથિયારબંધીના જાહેર નામાનો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૨૯૪(ખ) અને ૧૧૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૧૩૫ મુજબનો ગુન્હો કરેલ છે ?

(૩.૨) આખરી હુકમ શું ?

## (૪) <u>મુદાઓ ઉપર નિર્ણય :</u>

મુદા નં.(૪.૧) : નકારમાં

મુદા નં.(૪.૨) : આખરી હુકમ મુજબ.

## (૫) <u>કાયદાકીય બિંદુ, પુરાવાનું મૂલ્યાંકન અને નિર્ણયના કારણો :</u>

(૫.૧) ફરીયાદપક્ષે આ કામે પંચ સાહેદ સુભાષભાઈ માનસીંગભાઈ માણસુરીયાને આંક–૦૯ થી તથા પંચ સાહેદ અકબરખા ગુલાબખા બ્લોચને આંક–૧૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે જેમાં તેઓએ જણાવેલ કે થોડા સમય પહેલા તેઓ રીક્ષા લઈને ઘર તરફ જતા હતા ત્યારે જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશન દવારા તેઓને ઉભા રાખી તૈયાર પંચનામામાં સહી કરાવેલ હતી.

(૫.૨) ફરીયાદપક્ષે આ કામે પંચ સાહેદ અસરફભાઈ કાસમભાઈ લીંગડીયાને આંક–૧૯ થી તથા પંચ સાહેદ દીલાવરભાઈ મામદભાઈ ચોપડાને આંક– ૨૧થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે જેમાં તેઓએ જણાવેલ કે આશરે બે વર્ષ પહેલા ઉભા રાખી એક તૈયાર પંચનામા સહી કરાવેલ હતી તેઓને પંચનામુ બતાવવામાં આવતા તેમા તેઓની સહી ઓળખી બતાવે છે.

(૫.૩) ફરીયાદપક્ષે આંક–૩૪ થી સાહેદ વજશીભાઈ લખમણભાઈ નાઘેરા તથા આંક–૩૫ થી સાહેદ ખીમાણંદભાઈ વજશીભાઈ નાઘેરાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે જેમા તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે હાલનો બનાવ આજથી થોડા સમય પહેલા તેઓની વાડીની નજીક બપોરના સમયે આ બનાવ ભાદાભાઈ તથા રણજીતભાઈ વચ્ચે આ બંને બથો બથ આવેલા હતા જેથી તેઓને એવુ લાગેલુ કે તેઓના છોકરાઓ બાધે છે જેથી તેઓ તેમને છોડાવા ગયેલા હતા તે દરમ્યાન આ બંને ભાગી ગયેલા તે સિવાય બીજી કોઈ હકીકત જાણતા નથી. આ બંતે શા માટે ઝગડો કરતા હતા તે અંગેની કોઈ માહિતી નથી. બંને ઈસમો તેઓની બાજુના ગામના હોય જેથી તેઓ જોયએ ઓળખે છે.

સદરહુ સાહેદો પોતાની ઉલટતપાસમાં સ્વીકારેલ કે, બનાવ વખતે ખેતરમાં કામ કરતા હતા અને બનાવ સમયે તેઓ તથા તેઓનો દીકરો તથા સરતપાસમાં જણાવેલ ઈસમો સિવાય બીજુ કોઈ હતુ નહી. વધુમાં સ્વીકારેલ છે કે પોલીસે તેઓને નામ ઉંમર અને સરનામું પુછેલુ તે સિવાય બીજી કોઈ હકીકત પુછેલ નથી.

(૫.૪) આ સિવાય, ફરીયાદપક્ષે આંક–૫૦ થી સાહેદ ઘનાભાઈ મેરામણભાઈ જાદવને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે જેમા તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે તેઓ ઈટાળા ગામ, તા.જી.જુનાગઢ મુકામે રહે છે, આ કામના ફરીયાદી ખીમાણંદભાઈ તેઓના કાકાના દીકરા ભાઈ થાય છે. બનાવ આજથી ચાર–પાંચ વર્ષ પહેલા બનેલો. તેમને ખીમાણંદભાઈનો ફોન આવેલો ત્યારે તેઓ તેમના ઘરે હાજર હતા. તેમને ફોન કરીને કહેલ કે મને મારેલ છે જેમાં મારવામાં તમો આરોપીઓ ભાદાભાઈ, કાનાભાઈ અને રમેશભાઈ છે અને આ ફોન આવતા તેઓ આ બનાવ બનેલ તે જગ્યાએ વજશીભાઈની વાડીએ ગયેલો ત્યારે તેઓએ જોયુ તો ત્યા તેમના ભાઈ ખીમાણંદભાઈ બેઠેલા હતા અને તેઓએ તેને પુછેલ કે શુ થયુ તો તેણે કહેલ કે મને પગના ભાગે તથા ગળાના ભાગે મારેલ છે. આ ખીમાણંદભાઈ કહેલ કે તેઓ તેઓના છોકરાની ફી ભરવા માટે જતો હતો ત્યારે વજશીભાઈની વાડીએ પહોચ્યો

ત્યારે તેમને આરોપી ભાદાભાઈએ ઉભો રાખેલો અને ગાળો આપવા લાગેલ અને આ દરમ્યાન પાછળથી બીજા બે ભાઈઓ આરોપી રમેશભાઈ અને કાનાભાઈ ગાડી લઈને આવેલા અને આ રમેશભાઈને ગાડીમાથી પાઈપ છોડી જેમ ફાવે તેમ ગાળો બોલવા લાગેલા અને બુશ્કોટ ફાડી નાખેલો તેવુ તેમને ખીમાણંદભાઈએ કહેલુ. આ લોકો ત્યાથી જતા રહેલા હતા તેવુ કહેલુ અને ત્યારબાદ તેઓ ખીમાણંદભાઈ ને સિવીલ હોસ્પીટલ જુનાગઢ સારવાર માટે લઈ ગયેલ હતા. પોલીસે આ બનાવ બાબતે તેમની પુછપરછ કરેલી, આરોપીઓને જોયે ઓળખે છે તેમ જણાવી આરોપી નં.૩ ભાદાભાઈને ઓળખી બતાવેલ છે.

સદરહુ સાહેદ પોતાની ઉલટતપાસમાં સ્વીકારેલ કે, બનાવ સમયે તેઓ ઘરે હતા તેથી તેઓને બનાવની જાત માહિતી નથી. તેઓની સામે ફોજદારી કેસ થયેલ છે અને તે કેસ પણ આ નામદાર કોર્ટમાં ચાલુ છે. વધુમાં સ્વીકારેલ છે કે તેઓએ તેઓના નિવેદનમાં એવુ લખાવેલ છે કે તેઓએ તરતજ આ બાબતે તેઓના ગામના તેઓના સબંધી રામભાઈ પુંજાભાઈ તથા અજીત ઉર્ફે અજુ તથા હરસુખ ઉર્ફે જીગાનાઓને આ બાબતે જાણ કરેલી હતી અને ત્યારે પછી તેઓ આ ઝગડાવાળી જગ્યાએ જવા નિકળેલા હતા દરમ્યાન સણાથાના પાટીયા પાસે પહોચ્યા હતા ત્યારે તેઓને તેઓના કૌટુંબીક ભાઈ સાથે ઝગડો કરનાર પૈકી ભાદાભાઈ મળેલ હતા. વધુમાં સ્વીકારેલ છે કે આ અગાઉ પણ તેઓની ઉપર ઘણા કેસ થયેલા છે સાહેદ જણાવે છે કે ખોટા કેસ કરેલા છે.

(૫.૫) ત્યારબાદ, ફરીયાદપક્ષે આંક-૫૪ થી સાહેદ રામભાઈ પુંજાભાઈ જાદવને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે જેમા તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે તેઓ ઈટાળા ગામ, તા.જી. જુનાગઢ મુકામે રહે છે, આ કામના ફરીયાદી ખીમાણંદભાઈ તેઓના કાકાના દીકરા ભાઈ થાય છે. બનાવ આજથી બે-અઢી વર્ષ પહેલા બનેલો. તેમને ખીમાણંદભાઈનો ફોન આવેલો ત્યારે તેઓ તેમના ઘરે હાજર હતા. તેમને ફોન કરીને કહેલ કે મને મારેલ છે જેમાં મારવામાં આરોપીઓ ભાદાભાઈ, કાનાભાઈ અને રમેશભાઈ છે અને આ ફોન આવતા તેઓ આ બનાવ બનેલ

તે જગ્યાએ વજશીભાઈની વાડીએ ગયેલા ત્યારે તેઓએ જોયુ તો ત્યા તેમના ભાઈ ખીમાણંદભાઈ બેઠેલા હતા અને તેઓએ તેને પુછેલ કે શુ થયુ તો તેણે કહેલ કે તેમને પગના ભાગે તથા ગળાના ભાગે મારેલ છે. આ ખીમાણંદભાઈ કહેલ કે તેઓ તેઓના છોકરાની ફી ભરવા માટે જતા હતા ત્યારે વજશીભાઈની વાડીએ પહોચ્યો ત્યારે તેમને આરોપી ભાદાભાઈએ ઉભો રાખેલો અને કાનાભાઈએ તેઓને લાકડી વડે માર મારેલો તેવુ તેમને ખીમાણંદભાઈને કહેલુ આ લોકો ત્યાંથી જતા રહેલા હતા તેવુ કહેલુ અને ત્યારબાદ તેઓ ખીમાણંદભાઈને સિવીલ હોસ્પીટલ જુનાગઢ સારવાર માટે લઈ ગયેલ હતા. પોલીસે આ બનાવ બાબતે તેમની પુછપરછ કરેલી, આરોપીઓને જોયે ઓળખે છે.

સદરહુ સાહેદ પોતાની ઉલટતપાસમાં સ્વીકારેલ કે, ખીમાણંદભાઈએ તેઓને ફોન કરેલો તેથી બનાવની તેઓને જાણ થયેલી અને બનાવની તેઓને કોઈ જાત માહિતી નથી. વધુમાં સ્વીકારેલ છે કે તેઓની સામે ફોજદારી કેસ થયેલ છે અને તે કેસ પણ આ નામદાર કોર્ટમાં ચાલુ છે, સાહેદ જણાવે છે કે ખોટા કેસ કરેલા છે. વધુમાં સ્વીકારેલ છે કે પોલીસે તેઓનુ નિવેદન દવાખાને લીધેલુ અને પોલીસે માત્ર તેઓનુ નામ, સરનામુ પુછેલુ.

(૫.૬) વધુમાં, આ કામે આંક-૬૦ થી રજુ થયેલ ફરિયાદી ખીમાણંદભાઈ અરજણભાઈ જાદવની જુબાની ધ્યાને રાખવામાં આવે તો તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ કે, બનાવ તા.૦૪/૦૭/૨૦૧૯ ના રોજ આશરે બપોરના બાર સાડાબાર વાગ્યાના આસપાસ બનેલો. બનાવ સમયે તેમના દિકરા નીલની સ્કુલની ફી ભરવા માટે ઈટાળા ગામથી તેમની મોટર સાયકલ પર બન્ને બાપ-દિકરો અમૃત સ્કુલ બીલખા રોડ જતા હતા ત્યારે તેઓ વજશીભાઈની વાડી પાસે પહોંચતા ભાદાભાઈ, રમેશભાઈ, કાનાભાઈ આ ત્રણેય જણા રસ્તા પર મળેલ અને તેઓની ગાડી ઉભી રખાવી તેઓને ભુંડી ગાળો આપેલી અને તેઓને કાનાભાઈ અને ભાદાભાઈએ શરીરે ઢીકાપાટુનો માર મારેલ રમેશભાઈએ તેઓને જમણા પગમાં પાઈપ મારેલ અને રમેશભાઈએ તેમનો શર્ટ ફાડી નાખેલ અને વજશીભાઈ આવી જતા આ બધા જતા

રહેલા. આ બનાવની જાણ તેમના ભાઈ રામભાઈને ફોન પર કરેલ અને રામભાઈ અને ધનાભાઈ ફોર વ્હીલ ગાડી લઈ આવતા જુનાગઢ સીવીલ હોસ્પીટલમાં સારવારમાં લઈ ગયેલ ત્યા ડો.સાહેબે તેઓની પુછપરછ કરેલ અને તેઓની બે દિવસ સારવાર કરેલ અને પછી રજા આપી લીધેલ. પોલીસ હોસ્પીટલે આવતા પોલીસે તઓની પુછપરછ કરી ફરીયાદ લીધેલી તેમ જણાવી અસલ ફરીયાદમાં તેમની સહી ઓળખી બતાવે છે તથા મુદ્દામાલ પાવતી નં.૬૩/૧૯ આર્ટીકલ નં.૧ નો લોખંડનો પાઈપ જોઈ સદર પાઈપ વડે તેઓને રમેશભાઈ એ મારેલો તેમ જણાવી આ બનાવ બનવાનુ કારણ, તેઓ હરસુખભાઈના જામીન થયેલ હોય તેના મનદુ:ખના કારણે હાલનો આ બનાવ બનેલ, આરોપીઓને જોયે ઓળખે છે તેમ જણાવી રમેશભાઈ હાજર ન હોય બાકીના આરોપીઓને ઓળખી બતાવે છે,

ફરીયાદની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ સ્વીકારેલ છે કે તેઓ ધોરણ નવ પાસ છે તેઓના ગામ ઈટાળાની વસ્તી આશરે ચારસો સાડા-ચારસો વ્યકિતની વસ્તી છે અને બનાવવાળી જગ્યાએથી ઈટાળા ગામ જવુ હોય તો વચ્ચે સણાથાનુ પાટીયુ આવે. વધુમાં સ્વીકારેલ છે કે આ રસ્તો ડામર રોડ છે અને ઈટાળા જવા માટે આ સિવાય, અન્ય કોઈ રસ્તો નથી તેમજ તેઓની સામે તથા અન્ય ચાર સામે આજ કોર્ટમાં ફોજદારી કેસ ચાલુ છે.

(૫.૭) ત્યારબાદ, આ કામે આંક-૬૩ થી સાહેદ અજીતભાઈ લખમણભાઈ જાદવનાઓને તપાસવામાં આવેલ છે જેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ કે, બનાવ આજથી તણેક વર્ષ પહેલા બનેલ, બનાવ સમયે તેઓ તેમની વાડીએ હતા, આ બનાવની જાણ ખીમાણંદભાઈએ તેમને ફોન ઉપર કરેલી જેથી તેઓ સીધા સિવીલ હોસ્પીટલ, જુનાગઢ દવાખાને આવેલા અને ખીમાણંદભાઈ એ તેઓને બનાવ અંગે જણાવેલ કે તેઓ વજશીભાઈની વાડી બાજુ પહોચેલો ત્યારે રમેશભાઈ, ભાદાભાઈ, કાનાભાઈએ તેઓની સાથે માથાકુટ કરેલી અને તેઓને માર મારેલો. શેના વડે માર મારેલો તે કહેલ નહી. તેઓએ ખીમાણંદભાઈને પગના ભાગે પાટો બાંધેલ હતો

તે જોયેલ, આ સિવાય તેઓ કાઈ જાણતા નથી અને પોલીસે તેઓની પુછપરછ કરેલ નહી.

સદરહુ સાહેદનાઓની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ સ્વીકારેલ છે કે તેઓની સામે આ જ કોર્ટમાં ફોજદારી કેસ ચાલે છે અને આ કામના આરોપી ભાદાભાઈએ જે ૩૦૭ ની ફરીયાદ કરેલી તેમા તેઓને સજા થયેલી. વધુમાં સ્વીકારેલ છે કે બનાવવાળી જગ્યાએથી સણાથાના પાટીયા થઈ અને ઈટાળા ગામ જવાય છે.

(૫.૮) ત્યારબાદ, આ કામે આંક-૬૪ થી સાહેદ હરસુખભાઈ કાળાભાઈ પીઠીયાનાઓને તપાસવામાં આવેલ છે જેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ કે, બનાવ આજથી ત્રણેક વર્ષ પહેલા બનેલો. બનાવ સમયે તેઓ તેઓના ઘરે હતા. આ બનાવની જાણ તેઓના ગામના માણસો મારફતે થયેલી. શુ બનાવ બનેલો તેની તેઓને ખબર નથી. ધનાભાઈ તેઓના મામાના દીકરા થાય છે અને તેઓને રામભાઈ અને ધનાભાઈએ કીધેલુ કે કંઈક ઝગડો થયો છે જેથી તેઓ દવાખાને ગયેલા. સદરહુ સાહેદે વધુમાં જણાવેલ કે કોની વચ્ચે થયેલો, શેના માટે થયેલો તે તેઓ કંઈ જાણતા નથી. આ સિવાય, તેઓ કંઈ જાણતા નથી. પોલીસે તેઓની કોઈ પુછપરી કરેલી નહી આરોપીને જોએ ઓળખે છે જેમા આરોપી નં.૨, ૩ હાજર છે. સદરહુ સાહેદનાઓની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ સ્વીકારેલ છે કે તેઓની સામે આજ કોર્ટમાં કેસ ચાલુ છે.

(૫.૯) ત્યારબાદ, આ કામે આંક-૬૭ થી સાહેદ ડો. અલ્પેશભાઈ વૃજલાલ વૈશ્નાણીનાઓને તપાસવામાં આવેલ છે જેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ કે, તેઓ તા.૪/૭/૧૯ ના બપોરે ૨-૧૪ વાગ્યે જુનાગઢ સિવિલ હોસ્પિટલમાં ફરજ પર હતા ત્યારે દર્દી ખીમાભાઈ અરજણભાઈ તેઓની પાસે સારવારમાં આવેલ, તેઓને પુછતા જણાવેલ કે તેમને રમેશ, કાના અને ભાદાએ જુના ઝગડાની બાબતમાં પગમાં પાઈપ અને ઢીકકાપાટુ મારેલ, તેમને તપાસતા ઈજા નં.૧ જમણા કાંડા પર ૩ નખ મારેલાના નીશાન તથા ઈજા નં.૨ જમણા પગમાં નીચેના ભાગે ૨ × ૦.૫ સેમીનુ

ઉપરછલ્લુ છોલાણ હતુ, દર્દી માટે જરૂરી એકસરે રીપોર્ટ કરેલ જેમાં કોઈ ભાંગતુટ જોવા મળેલ નહી, દર્દીને અંદરના દર્દી તરીકે સારવાર આપેલ અને તા.૫/૭/૧૯ ના રોજ સાંજે ૫:૦૦ વાગ્યે હોસ્પિટલમાંથી રજા આપેલ, આ ઈજામાં ઈજા નં.૧ તીક્ષ્ણ પદાર્થથી થાય તે પ્રકારની હતી અને ઈજા નં.૨ કઠણ અને બોથડ પદાર્થથી થઈ શકે તે પ્રકારની હતી, સદર ઈજાઓ તાજી હતી અને જો કોઈ કોમ્પ્લીકેશન ન થાય તો આ ઈજા ૬ થી ૮ દીવસમાં સાજી થઈ શકે તે પ્રકારની હતી જે અંગે તેઓએ તેઓના હસ્તાક્ષરમાં સર્ટીફિકેટ આપેલ જેમા તેઓની સહી છે.

સદરહુ સાહેદનાઓની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ સ્વીકારેલ છે કે ઈજા નં.૧ અને ૨ સામાન્ય પ્રકારની ઈજા છે અને ખીમાભાઈ અરજણભાઈ અને ખીમાણંદભાઈ અરજણભાઈ બંને વ્યકિતઓ અલગ હોય શકે. વધુમાં સ્વીકારેલ છે કે દર્દીએ તેઓને બનાવ અંગે કઈ જગ્યાએ બનેલ અને કયા સમયે બનેલ અને દર્દી કયા ગામે રહે છે તેવી કોઈ વિગત જણાવેલ નથી તેમજ દર્દી પોલીસ યાદી સાથે આવેલ નહી.

(૫.૧૦) આ કામે આંક-૬૯ થી રજુ થયેલ સાહેદ મહમદસલીમ હુશેનભાઈ નાધોરીનાઓને તપાસવામાં આવેલ છે જેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ કે, તેઓ ગઈ તા. ૦૪/૦૭/૧૯ ના રોજ જુનાગઢ સિવિલ હોસ્પિટલ ચોકી ખાતે એએસઆઈ તરીકે ફરજ પર હતા ત્યારે ખીમાણંદભાઈ અરજણભાઈ હોસ્પિટલમાં મારામારીની ઈજા સબબ સારવારમાં દાખલ થતા તેઓને બનાવ સબંધે પુછતા તેઓએ તેમના ગામના આરોપીઓએ ગાળો બોલી પાઈપ વડે માર મારેલાની હકીકત જણાવેલ જે આંક-૬૧ ની ફરીયાદ લખી તેઓની સહી લીધેલ અને રૂબરૂમાં તેઓએ સહી કરેલ અને ડીઓ લેટર નં.૩૨૭૯/૧૯ થી પો.સ્ટે.માં ગુનો દાખલ કરવા મોકલી આપેલ.

સદરહુ સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ સ્વીકારેલ છે કે તેઓએ ફરીયાદ લીધા સિવાય અન્ય કોઈ કામગીરી કરેલ નથી અને ફરીયાદ સામે પણ આરોપીઓએ ફરીયાદ દાખલ કરેલ છે તેમની

તેઓને ખબર નથી.

(પ.૧૧) આ કામે આંક–૭૯ થી તપાસ કરનાર અમલદાર કમલેશભાઈ બાબુભાઈ ડોબરીયાનાઓને તપાસવામાં આવેલ છે જેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ કે, તા.૦૫/૦૭/૨૦૧૯ ના રોજ તેઓ જુનાગઢ તાલુકા પો.સ્ટે.માં હેડ કોન્સ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે સેકન્ડ ગુ. રજી. નં. ૭૪/૧૯ ઈપીકો કલમ ૩૨૩ વિ. ગુનાની તપાસ પી.એસ.ઓ. તરફથી સોંપાયેલ જેમાં પી.એસ.ઓ. ની સહી છે તથા બનાવની હકીકત એવી હતી કે, આ કામના ફરીયાદી ખીમાણંદ જાદવનાઓ અગાઉ જામીન થયેલ હોય અને આરોપીઓ સાથે મનદુખ ચાલતુ હોય આરોપી નં.૧ ના એ પાઈપ મારી અન્ય આરોપીઓએ ઢીકાપાટુનો માર મારેલાની હકીકત ની આંક ૬૧ ની ફરીયાદ દવાખાના ચોકી અધિકારી રૂબરૂની પો.સ્ટે. માં આંક ૭૦ ના ડીઓ લેટરથી આવેલ જે અન્વયે પી.એસ.ઓ. એ સેકન્ડ ગુ. રજી. નં. ૭૪/૧૯ થી એફ.આઈ.આર. નોંધેલ, જે એફ.આઈ.આર. માં પી. એસ. ઓ. ની સહી છે, આ કામે તેઓએ તપાસ સંભાળી અને બનાવસ્થળનુ પંચનામુ પંચો સુભાષભાઈ માનસીંગ તેમજ અકબરખા ગુલાબખા બ્લોચ રૂબરૂનુ કરેલુ જેમાં પંચોની તેમજ રૂબરૂમાં તેઓની સહી છે તેમજ આ કામે તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા તેમજ આંક ૨૦ ના પંચનામાની વિગતે આરોપીઓને અટક કરેલા તેમજ મુદામાલ કબ્જે લીધેલ જેમાં તેઓની તેમજ પંચોની સહીઓ છે જે ઓળખી બતાવે છે તેમજ આ કામે મુદામાલ પો.સ્ટે.માં જમા કરાવેલ તેમજ આ કામે તેઓએ મેડીકલ સર્ટીફીકેટ મેળવેલ તેમજ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા અને આરોપીને અટક કર્યા અંગે સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા રીપોર્ટ કરેલો, જે રીપોર્ટ રજુ રાખેલ છે, બનાવ સમયે મ્હે.અધિ.જિલ્લા મેજી.શ્રીનુ જાહેરનામુ અમલમાં હોય તેની નકલ મેળવેલ જે રજુ રાખેલ છે. આ કામે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

ફરીયાદની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ સ્વીકારેલ છે કે આ કામના ફરીયાદી અને અન્ય ૫ જણા સામે પણ ફરીયાદ થયેલી છે અને

તેઓની સામે ફો.કેસ નં. ૩૪૩૦/૧૯ થી ફોજદારી કેસ થયેલ છે. વધુમાં સ્વીકારેલ છે કે હાલના ગુનાની અને ફો.કે.નં.૩૪૩૦/૧૯ થી નોંધાયેલ ગુનાની તપાસ તેઓએ જ કરેલી છે અને બંને કેસોમાં પંચો અને સાહેદો સમાન છે.

**<u>રેકોર્ડ પર આવેલ પુરાવાનુ મુલ્યાંકન :</u>**

(૫.૧૨) રેકોર્ડ પર આવેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો સૌપ્રથમ આ કામે તપાસવામાં આવેલ કહેવાતા નજરે જોનાર સાહેદશ્રીનાઓની આંક ૩૪ અને ૩૫ થી રજુ થયેલ સરતપાસ ધ્યાને લેવામાં આવે તો સદરહુ સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી. ફરીયાદીનાએ પોતાની સરતપાસમાં જણાવેલ કે સદરહુ કહેવાતા બનાવ સમયે વજશીભાઈ આવી જતા આરોપીઓ ત્યાંથી જતા રહેલા. આ કામે આંક ૩૪ થી સદરહુ કહેવાતા નજરે જોનાર સાહેદનાઓને તપાસવામાં આવેલ છે જેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ કે બનાવ સમયે ભાદાભાઈ તથા રણજીતભાઈ વચ્ચે બથોબથ થયેલી. આ સિવાય, સદરહુ સાહેદોએ પોતાની ઉલટતપાસમાં એ પણ સ્વીકારેલ કે બનાવ સમયે તેઓ તથા સરતપાસમાં જણાવેલ ઈસમ સિવાય અન્ય કોઈ ઈસમ ત્યાં હાજર ન હતા. આ સિવાય, સદરહુ સાહેદોએ તે પણ સ્વીકારેલ કે પોલીસે તેઓનુ નામ ઉંમર અને સરનામુ પુછેલુ તે સિવાય બીજી કોઈ વિગત પુછેલ નથી. આમ, આ કામના આરોપીનાઓ બનાવવાળી જગ્યાએ હાજર હોય, તેવી કોઈ વિગત સદરહુ સાહેદોએ જણાવેલ નથી. આમ, રેકોર્ડ પર આવેલ ઉપરોકત વિગતો ધ્યાને લેવામાં આવે તો ફરીયાદપક્ષના કેસમાં ગંભીર શંકા ઉદભવે છે.

આ સિવાય, તે પણ નોંધપાત્ર છે કે આ કામે આંક ૯ અને ૧૦ થી ગુનાવાળી જગ્યાના પંચોને તેમજ આંક ૧૯ તથા ૨૧ થી આરોપીનાઓને અટક અને મુદામાલ કબજે કર્યાના પંચોને તપાસવામાં આવેલ છે, જેઓએ પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી. આ સિવાય, આ કામે અન્ય સાહેદોને પણ તપાસવામાં આવેલ છે પરંતુ સદરહુ સાહેદે બનાવ નજરે જોયેલ ન હોવાનુ પણ રેકોર્ડ પર આવેલ છે.

વધુમાં, તે પણ નોંધપાત્ર છે કે ફરીયાદપક્ષનાઓના કેસ મુજબ સદરહુ બનાવનુ મુળ કારણ આ કામના ફરીયાદનાઓ અગાઉ જામીન થયેલ હોય તે કારણે થવા પામેલ છે પરંતુ નોંધપાત્ર છે કે આવા કોઈ દસ્તાવેજ પણ આ કામે ફરીયાદપક્ષનાઓ થકી રજુ રાખવામાં આવેલ નથી.

આમ, ઉપરોકત તમામ સંજોગો અને રેકોર્ડ ઉપર આવેલ પુરાવાઓને ઘ્યાને લેવામાં આવેતો ફરીયાદ પક્ષના કેસની મહત્વપુર્ણ અને અગત્યની વિગતોમાં વિસંગતતા અને નોંધપાત્ર શંકા જણાય આવે છે. ફરીયાદ પક્ષના કેસમાં જયારે નોંધપાત્ર શંકા જણાય આવતી હોય તો તેવા સંજોગોમાં તેનો લાભ આરોપી પક્ષને મળવા પાત્ર રહે છે. આમ, ફરીયાદ પક્ષનાઓ આરોપી સામેનો કેસ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં અસફળ નિવળેલ હોય મુદા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદા નં.ર પરત્વે નીચે મુજબનો **આખરી હુકમ** કરવામાં આવે છે.

**<u>-:: આખરી હુકમ ::-</u>**

(૧) આ કામના આરોપી નં.૧ રમેશભાઈ રામભાઈ જાદવ, આરોપી નં.ર કાનાભાઈ રામભાઈ જાદવ આરોપી નં.૩ ભાદાભાઈ રામભાઈ જાદવ રહેવાસી : તમામ જુનાગઢ વાળાને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-ર૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ-૩ર૩, ર૯૪(ખ), ૧૧૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાપાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(ર) આ કામના આરોપીઓના જામીનખત અને જાત મુચરકા રદ કરવામાં આવે છે અને આરોપીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૪૩૭(એ) મુજબ રૂા.ર૫,૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) ના જાત જામીન અને જાત મુચરકા રજૂ કરવા, અગર તો જામીન તરીકે ચાલુ રહેવા પુરસીસ રજૂ કરવી.

(૩) આ કામના આરોપી નં. ૧ અને ર આજરોજ અત્રેની કોર્ટ સમક્ષ હાજર નથી

પરંતુ સદરહું આરોપીનાઓને ઉપરોકત ગુન્હા માથી નિર્દોષ છોડી દેવામાં આવેલ હોય ફોજદારી કાર્યરિતી સહિંતાની કલમ–૩૫૩(૬) ની જોગવાઈઓના અનુસંધાને તેઓની ગેરહાજરીમાં  આજરોજ હુકમ જાહેર કરવામાં આવે છે.

(૪) આ કામે આંક–૨ ની મુદામાલ પાવતીની વિગતે કબજે લેવાયેલ મુદામાલ પાઈપને અપીલ સમય વિત્યા બાદ નષ્ટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ **૧૪ મી** માહે **ઓગષ્ટ,** સને **૨૦૨૬** ના રોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : જૂનાગઢ,
તારીખ : ૧૪/૦૮/૨૦૨૬.

**(કર્ણ અજીત મારવાહા)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
જૂનાગઢ.
(GJ-01558)